# જૈન સમાજને હેરાન કરવાની વૃત્તિ ક્યાં સુધી ચાલતી રહેશે ?: મુનિ વિમલસાગરજી

જૈન સમાજને અદાલત પ્રત્યે માન છે, પરંતુ ધર્મની બાબતમાં કોર્ટનો હસ્તક્ષેપ કંઈક વધુપડતો થઈ રહ્યો છે. બાળ દીક્ષાને આ પ્રકારની ચર્ચાઓ અત્યંત આઘાતજનક છે. જેઓને જૈન ધર્મના સિદ્ધાંતોનું કોઈ તલસ્પર્શી જ્ઞાન નથી એવા લોકો આ મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે. કાલે ઊઠીને તેમને ધર્મની દરેક ક્રિયાઓ માટે અડચણ ઊભી થઈ, એ પણ શક્ય છે. આજે બાળદીક્ષા, આવતી કાલે કેશ લોચન, રાત્રિ ભોજન, પ્રભુપૂજા આદી તો કેટલીયે ક્રિયાઓ છે જે માટે ભવિષ્યમાં તેઓ વાંધો ઉઠાવશે. હવે ધર્મની દરેક પ્રાચીન પરંપરાને આધુનિક ઢબથી જોવાનો રિવાજ બની રહ્યો છે. આવા લોકોએ અલગથી જ પોતાનો આધુનિક ધર્મ બનાવી લેવો જોઈએ. ધર્મમાં એવી ઘણી બાબતો છે જેને સંપૂર્ણ સમાજની સ્વીકૃતિ ન પણ મળે તો શું બધી બાબતો આપણે કોર્ટમાં લઈ જઈશું. જેમ કે કેશ લોચન! ગૃહસ્થો પણ કેશ લોચન કરાવે છે. એમાં વાળને ખેંચીને કાઢવામાં આવે છે. વર્ષે ૩૦૦-૪૦૦ લોકો લોચ કરાવતા હોય છે. તેવી રીતે જ અનેક જૈન પરિવારોમાં રાત્રિભોજન નથી થતું. બાળક જીદ કરે તો પણ તેને રાત્રે ખાવા દેવામાં આવતું નથી. વધુમાં રાત્રે બાળકને સ્તનપાન પણ કરાવાતું નથી. એટલે હવે તો આ બાબતો પણ બાળ અત્યાચાર અને બાળપણની હત્યા અંતર્ગત લેખાશે. તો તો પછી હજારો જૈન પરિવારોના વિરુદ્ધ, એક સાથે કેસ ચાલવો જોઈએ.

જો બાળ દીક્ષા બાળપણની હત્યા છે તો આધુનિક શાળાનું જ્ઞાન શું છે ? એ તો એનાથીય બદતર છે, કયો બાળક છે જે ખુશી ખુશી શાળામાં જાય છે ? આધુનિક સમાજમાં મોટા ભાગના બાળકો શાળાના નામથી અકળાય છે. તો તો હવે એમને ભણવું-ગણવું છોડાવીને છૂટા મૂકી દેવા જોઈએ. નહીં તો બાળ અધિકારોની હત્યા થઈ જશે!!



મુનિ વિમલ સાગરજી

બાળ દીક્ષિતોને સમાજ સંપૂર્ણ રીતે સાચવી લે છે. તેના અભ્યાસ માટે લાખો રૂપિયા ખરચે છે. તેમની સારામાં સારી સંભાળ રખાય છે. હવે તો બાળમજૂરી અને બાળ અપરાધો વિરુધ્ધ પગલા લેવાવા જોઈએ. બાળદીક્ષાના વિરોધમાં નકામી શક્તિ, સમય અને ધન વેડફાઈ રહ્યાં છે. સાધ્વીજી મ.સા.ના શૈક્ષણિક અભ્યાસ માટે પણ કમિટિએ વાત ઉપાડી છે. પરંતુ શાળાકીય અભ્યાસનો સંબંધ તો ડિગ્રી, નોકરી અને અર્થોપાર્જનની છે. દીક્ષામાં તેનું કોઈ અસ્તિત્વ જ નથી. જે શિક્ષણ તેને માટે જરૂરી છે તે એને ત્યા અપાય જ છે. અને કેટલાક લોકો ભણી-ગણીને પણ અયોગ્ય આચરણ કરે જ છે. તો એનું શું કરવું જોઈએ ? મૈથ્યુ, મારિયા સુસાઈરાજ અને નિરજગ્રોવરે લીધેલા એકેડેમિક અભ્યાસથી શું થયું ? બાળહિતની વાત આગળ ધરી બાળદીક્ષાનો વિરોધ કરનારાઓએ સૌ પ્રથમ પોતાના પાડોશીના બાળકોની શી સ્થિતિ છે એનો અભ્યાસ કરવો જોઈએ. મારા મતે આજે ૫૦ ટકા મા-બાપો ચાઈલ્ડ વેલફેરના નીતિનિયમો મુજબ બાળકોને ઉછેરતા નથી. એટલે કે આ તો એમના પર અત્યાચાર થયો તો શું એના માટે તેમણે કોઈ પગલાં લીધાં છે ?

જ્યારે જૈન શાસ્ત્રોમાં બીમાર, તપસ્વી અને બાળ સાધુઓ માટે વિશેષ ધ્યાન આપવાનું સૂચન છે. બાળમજૂરી અને બાળઅપરાધોના હજારો કિસ્સાઓ બાજુ પર મૂકીને ૨૦-૨૫ બાળસાધુઓ પાછળ બધા કેમ પડ્યા છે એ સમજાતું નથી. સોસાયટીમાં રહીને બીજા છોકરાઓ સાથે રહીને બગડતા છોકરાઓની ફરિયાદ મા-બાપો ઘણીવાર અમારી પાસે લઈને આવે છે. એનું શું? હજારો બાળકો પૈસાના અભાવે કે દેખરેખના અભાવે ભણી શકતા નથી એમના માટે ચાઈલ્ડ વેલફેર સોસાયટી શું કરી રહી છે ? સાધ્વીજીની સ્થિતિ અનાથ જેવી છે. એવો ઉલ્લેખ થયો છે. આ વાત તો સમસ્ત જૈન સમાજ અને જૈન સાધુની ભયંકર મશ્કરી છે. અહીં બાળકને અનર્ગળ પ્રેમ અને વાત્સલ્ય મળે છે. બાળકને પોતાના પરિવાર કરતાં દસ ગણો સ્નેહ અહીં મળે છે. બીજી એક દલીલ એ પણ કરવામાં આવે છે કે લગ્ન ૧૮ વર્ષ પછી કરાતાં હોય તો દીક્ષા કેમ નહીં ? આ ચર્ચા ગળે ઊતરતી નથી. લગ્ન અને દીક્ષા બન્ને અલગ અલગ બાબત છે. લગ્નનો સંબંધ શારીરિક સંબંધ અને સંતાન ઉત્પત્તિથી છે. જ્યારે જૈન દીક્ષાનો સંબંધ બ્રહ્મચર્ય સાથે છે અને બ્રહ્મચર્ય માટે ઉંમરનો બાધ હોઈ શકે નહીં. ૮-૧૦ વર્ષની ઉંમરમાં કોઈ લગ્ન કરીને કરશે પણ શું ? જ્યારે ૮-૧૦ વર્ષની ઉંમરમાં દીક્ષા લઈને જીવન સાધના માટે આવશ્યક એવું શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. જૈન દીક્ષા ૭૦ વર્ષ સુધી લઈ શકાય છે, પરંતુ ૭૦ વર્ષની ઉંમરમાં કોઈ લગ્ન કરશે ખરા ?